# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 13-02-2025** **Evening : 7.10 to 7.20**

**Day : Thursday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **હીના મોદી** વાંચે છે.

---

1) વિદ્યાર્થીઓના હિતને અનુલક્ષીને નર્સિંગની પરીક્ષા અંગે રાજ્ય સરકાર આગામી બે ત્રણ દિવસમાંસ નિર્ણય લેશે

2) રાજયમાં સમાન નાગરિક સંહિતાના ડ્રાફ્ટ માટે રચવામાં આવેલી સમિતિની બેઠક નવી દિલ્હીના ગુજરાત ભવન ખાતે યોજાઈ

3) વિવિધ 22 દેશોના પ્રતિનિધિઓ અને ઉદ્યોગપતિઓની સહભાગીતા સાથે જામનગર ઇન્ડસ્ટ્રીયલ ઇન્ટરનેશનલ એક્સપોનો આરંભ થયો

4) અમદાવાદ આકાશવાણી ખાતે વિદ્યાર્થીઓએ પેઇન્ટીંગ કરી અને રેડિયોની સાફલ્ય ગાથાને વાગોળીને આજે વિશ્વ રેડિયો દિવસની ઉજવણી કરવામાં આવી

5) ટોરેન્ટ પાવર કપની 20 વર્ષની નીચેના ભાઇઓની પહેલી સેમીફાઇનલ અમદાવાદ અને વડોદરા જ્યારે બીજી મેચ જૂનાગઢ અને આણંદ વચ્ચે આવતીકાલે રમાશે.

-----------------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# NURSING EXAM ISSUE

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું છે કે, નર્સિંગ પરીક્ષામાં પ્રશ્નોને લઈને સર્જાયેલી સ્થિતીનાં પગલે આગામી બે દિવસમાં પરીક્ષા અંગે નિર્ણય લેવાશે. ગાંધીનગરમાં પત્રકારોને માહિતી આપતાં શ્રી પટેલે કહ્યું કે, આ મામલે રાજ્ય સરકારે પરીક્ષાર્થીઓની રજૂઆતને ધ્યાનમાં લઈ વિચારણા શરૂ કરી છે.અને વિદ્યાર્થીઓનાં હિતમાં યોગ્ય નિર્ણય લેવાશે. આ માટે પરીક્ષા અંગેના તમામ પાસાઓ નો અભ્યાસ કરવામાં આવ્યો હોવાનું પણ આરોગ્ય મંત્રીએ જણાવ્યું હતું

(બાઈટ- ઋષિકેશ પટેલ, આરોગ્ય મંત્રી)

. . . . . . . . . . . . .

# UCC COMMITTEE MEET

રાજ્યમાં સમાન નાગરિક સંહિતા  કાયદાનો મુસદ્દો તૈયાર કરવા માટે સુપ્રીમ કોર્ટના પૂર્વ ન્યાયાધીશ નિવૃત્ત રંજના દેસાઈની અધ્યક્ષતામાં રાજ્ય સરકારે રચેલી પાંચ સભ્યોની સમિતિની બેઠક નવી દિલ્હીના ગુજરાત ભવન ખાતે યોજવામાં આવી હતી.

રાજ્ય માટે પ્રસ્તાવિત UCC ના ઉદ્દેશો, અવકાશ અને રૂપરેખા અંગે આ બેઠકમાં સમિતિના સભ્યોએ ચર્ચા કરી હતી.સમિતિના અધ્યક્ષ રંજના દેસાઈ અને સમિતિના અન્ય સભ્યો નિવૃત્ત વરિષ્ઠ IAS અધિકારી સી.એલ. મીના, એડવોકેટ આર.સી. કોડેકર, ભૂતપૂર્વ કુલપતિ દક્ષેશ ઠાકર અને સામાજિક કાર્યકર્તા ગીતાબેન શ્રોફ આ મહત્વપૂર્ણ બેઠકમાં ઉપસ્થિત રહ્યાં હતાં.

સમિતિએ મહિલાઓ અને બાળકોને સમાન અધિકારો પૂરા પાડવા અને સામાજિક માળખાને મજબૂત બનાવવા માટે, ખાસ કરીને વ્યક્તિગત કાયદાઓમાં સમાવેશકતા, ન્યાયિક સમાનતા અને એકરૂપતાના મહત્વ પર ભાર મૂક્યો હતો.

આ સમિતિ પોતાનો અહેવાલ ગુજરાત સરકારને સુપરત કરશે તે રાજ્યના ભાવિ કાનૂની માળખાને આકાર આપવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

. . . . . . . . . . . . .

# JAMNAGAR INDUSTRIAL EXPO

'જામનગર ઇન્ડસ્ટ્રીયલ ઇન્ટરનેશનલ એક્સપો 2025' નો કૃષિ મંત્રી રાઘવજી પટેલ અને સાંસદ પૂનમ માડમે આરંભ કરાવ્યો હતો..એક્સપોમાં 22 દેશોના પ્રતિનિધિઓ સહિત દેશના અનેક શહેરોમાંથી ઉદ્યોગપતિઓ સહભાગી થયા છે. બ્રાસ સીટીના નામે પ્રખ્યાત એવા જામનગરના ઉદ્યોગોનો વિકાસ થાય તેમજ દેશ-વિદેશના ઉદ્યોગકારો સાથે સ્થાનિક ઉદ્યોગકારો પોતાના વિચારોનું આદાન-પ્રદાન કરી શકે તે હેતુથી યોજાયેલો આ એક્સપો ઉદ્યોગકારોને ઉપયોગી નીવડશે તેમ શ્રી પટેલે જણાવ્યું હતું..

(બાઇટ- રાઘવજી પટેલ , કૃષિમંત્રી)

આ પ્રસંગે ઉપસ્થિત સાંસદ પૂનમ માડમે જણાવ્યું હતું કે ભારતીય અર્થવ્યવસ્થાની કરોડરજ્જુ સમાન લઘુ ઉદ્યોગોને વિકસિત કરવા સરકાર સતત પ્રયાસરત છે.

. . . . . . . . . . . . .

# JUNAGADH BJP

આગામી 16 મી ફેબ્રુઆરીએ જુનાગઢ મહાનગરપાલિકાની સામાન્ય ચૂંટણી યોજવાની છે ત્યારે આજે ભારતીય જનતા પાર્ટી એ પોતાનો ચૂંટણી લક્ષી ઢંઢેરો જાહેર કર્યો હતો અને પાંચ વર્ષ દરમિયાન જૂનાગઢમાં થનાર વિકાસ કાર્યોની વિગતો પૂરી પાડી હતી શહેર ભાજપ પ્રમુખ પુનિત શર્માએ કહ્યું કે આ વિકાસ ઢંઢેરામાં નાગરિકોની સુખાકારીની સાથે સાથે જૂનાગઢ શહેર પ્રથમ હરોળનું વિકસિત અને પ્રવાસન ધામ બને તેવી અનેક જોગવાઈઓ કરવામાં આવી છે ખાસ કરીને 114 કરોડ રૂપિયાને ખર્ચે ગિરનારનો વિકાસ નવાબીકાળના વિલીંગ્ડન ડેમની કાયાપલટ, નવા ફાયર સ્ટેશન સહિતની સુવિધા અને દામોદર કુંડથી ભવનાથ સુધીના માર્ગને સનાતન પથ તરીકે વિકસાવવાની જોગવાઈ સહિતની સુવિધા આગામી પાંચ વર્ષમાં શહેરીજનોને આપવાની પ્રતિબધ્ધતા આ ચૂંટણી ઢંઢેરામાં વ્યક્ત કરવામાં આવી છે

. . . . . . . . . . . . .

# MAHAKUMBH GUJARAT PAVELION

પ્રયાગરાજ ખાતે ચાલી રહેલા મહાકુંભમાં ગુજરાત પેવેલિયનમાં બે હજાર ૨૩૫ ગુજરાતી યાત્રિકોએ ઉતારો મેળવ્યો હતો. **ગુજરાત પ્રવાસન નિગમના હેલ્પ ડેસ્કે ૨૧ હજાર ૫૧૯ યાત્રિકોને ફોન ઉપર માર્ગદર્શન આપી ગંતવ્ય સ્થાને પહોંચાડ્યા હતા. જ્યારે ગુજરાતના પ્રસિદ્ધ સ્થળોની ઝાંખી રજૂ કરતા પ્રદર્શન ખંડની ૬૯ હજાર ૧૯૨ યાત્રાળુંઓએ મુલાકાત લીધી હતી.ફ્રાન્સ, યુકે, જર્મની, અમેરિકા, ઇટલી જેવા દેશોના નાગરિકોએ પણ ગુજરાતનું થીમ પેવેલિયન નિહાળ્યું છે**

. . . . . . . . . . . . .

# Gandhingar Metro

અમદાવાદ-ગાંધીનગર વચ્ચે સીધા જોડાણ સાથે મેટ્રો ટ્રેનની ફ્રિકવન્સી વધારવાની મંજૂરી મેટ્રો રેલ સેફ્ટી કમિશનર પાસેથી મેળવી લેવામાં આવી છે.

હવે મુસાફરોએ સેક્ટર-1 અથવા ગિફ્ટ સિટી જવા માટે મોટેરા સ્ટેડિયમ અથવા GNLU ખાતે ટ્રેન બદલવાની જરૂર નથી. GNLU સ્ટેશન અને ગિફ્ટ સિટી ઑફિસો વચ્ચે બસ સેવાઓ પણ દર અડધા કલાકે ઉપલબ્ધ રહેશે કે જે PDEU થઈને જશે. **૧૫મી ફેબ્રુઆરીથી** APMC થી સેક્ટર-1 અને ગિફ્ટ સિટી સુધી ટ્રેન સેવાઓ પ્રાયોગિક ધોરણે ઉપલબ્ધ રહેશે.

. . . . . . . . . . . . .

# BATAKA BANASKANTHA

બનાસકાંઠા જિલ્લો એ બટાકાનું હબ ગણાય છે. ડીસા ઉપરાંત દિયોદર તાલુકામાં પણ બટાકાનું વાવેતર કરવામા આવેલું છે.રવી સીઝનમાં ચાર હજાર 228 હેકટર બટાકા નું વાવેતર દિયોદર તાલુકામાં કરવામાં આવ્યું છે.દિયોદર ના વડીયા ગામના ખેડૂતો એ પોતાના ખેતરમાં વાવેતર કરેલ બટાકા કાઢવાના શ્રી ગણેશ કર્યા છે.સાથે સાથે ઘરે બેઠા સારા ભાવે વેપાર પણ કરી રહ્યા છે.ખેડૂત ભરતભાઇ ગેલોત જણાવે છે કે અહી નર્મદા ના નીર આવતા ખેતીમાં ખૂબ જ ફાયદો થયો છે...

(બાઈટ.... ભરતભાઈ ગેલોત)

. . . . . . . . . . . . .

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ - વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

....................................

# RADIO DAY ALL INDIA RADIO PROGRAM

## રેડિયોની ટ્યુન

આજે વિશ્વ રેડિયો દિવસ છે. દર વર્ષે 13 ફેબ્રુઆરીએ, લોકોમાં રેડિયોના મહત્વ વિશે જાગૃતિ ફેલાવવા વિશ્વ રેડિયો દિવસ ઉજવવામાં આવે છે.

રેડિયોના સર્જનથી લઇને આજ સુધી લોકપ્રિય માધ્યમ બની રહેલા રેડીયોનો ચાહક વર્ગ સેંકડોની સંખ્યામાં છે. ત્યારે વિશ્વ રેડિયો દિવસ પ્રસંગે આજે આકાશવાણી અમદાવાદ ખાતે એક દિવસીય રેડિયો પ્રદર્શન અને ચિત્ર કલા સ્પર્ધા યોજવામાં આવી. પદ્મશ્રી કવિ તુષાર શુક્લએ દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમનું ઉદ્ધાટન કર્યું હતું. આ પ્રસંગે શ્રી શુક્લએ આકાશવાણીના પ્રાંગણમાં વૃક્ષારોપણ પણ કર્યું હતું

આજે શાળાના વિદ્યાર્થીઓએ આકાશવાણીની મુલાકાત લઈને લાઇવ પેઇન્ટીંગ કર્યું હતું.

પ્રદર્શનમાં રેડિયા પ્રેમી સિદ્ધાર્થ પટેલનાં સંગ્રહમાંથી વર્ષો જૂના રેડિયો રજૂ કરવામાં આવ્યા છે. રેડિયો સંગ્રહ કરવાના અનેરા જુસ્સા સાથે તેઓ વર્ષ ૧૯૮૦ થી રેડિયો એકત્રિત કરી રહેલા સિદ્ધાર્થ પટેલે પાસે હવે ૧૦૦ થી વધુ પ્રીમિયમ રેડિયો સેટ સંગ્રહિત છે.

આકાશવાણી સાથે વાત કરતા, શ્રી પટેલે જાગૃતિ ફેલાવવા, લોકોને જોડવા અને અધિકૃત માહિતી પૂરી પાડવામાં રેડિયોની ભૂમિકાની પ્રશંસા કરી હતી.

(બાઇટ- સિધ્ધાર્થ પટેલ, રેડિયો સંગ્રહક)

. . . . . . . . . . . .

# SURENDRNAGAR MAHILA TEACHER

સુરેન્દ્રનગરના લાછુબેન પરમારે રમત ગમત ક્ષેત્રે રાષ્ટ્રીય કક્ષાએ પાંચમી વખત ગોલ્ડ મેડલ મેળવી ઐતિહાસિક સિદ્ધિ મેળવી છે વઢવાણની શ્રી સરસ્વતી કન્યા વિદ્યાલય ખાતે પી.ટી ટીચર તરીકે ફરજ બજાવતા લાછુબેન પરમારે તાજેતરમાં કેરળના ત્રિશુર ખાતે યોજાયેલી છઠ્ઠી નેશનલ માસ્ટર્સ એથલેટીક્સ ચેમ્પિયનશિપ 2025 માં હેમર થ્રો ફેંક વિભાગમાં સતત પાંચમી વખત ગોલ્ડ મેડલ મેળવ્યો હતો જ્યારે જવેલીન થ્રો વિભાગમાં સિલ્વર મેડલ મેળવ્યો છે નોંધનીય છે કે અગાઉ પણ ઇન્ટરનેશનલ સ્પર્ધાઓ માં શ્રીલંકા મલેશિયા ખાતે ભાગ લઈ તેમણે મેડલો મેળવ્યા છે આગામી સમયમાં તેઓ તાઇવાન ખાતે યોજનારી સ્પર્ધામાં ભારતનું નેતૃત્વ કરશે..

. . . . . . . . . . . . .

# Kutch – Beti Bachavo Beti Padavo

કચ્છમાં "બેટી બચાઓ બેટી પઢાઓ" યોજનાના ૧૦ વર્ષ પૂર્ણ થયાની ઉજવણી અંતર્ગત નખત્રાણા તાલુકાના વિથોણ ખાતે જાગૃતિ સેમીનાર યોજાઇ ગયો.

આ સેમિનારમાં પી.સી. એન્ડ પી.એન.ડી.ટી.એક્ટ વિષે ગર્ભાવસ્થા પહેલા અને પ્રસૂતિ પહેલા નિદાન તકનીકો અધિનિયમ,૧૯૯૪, સ્ત્રી ભ્રૂણહત્યા રોકવા અને ભારતમાં ઘટતા લીંગ ગુણોત્તરને રોકવા માટે ઘડવામાં આવેલા કાયદા તથા કાયદાનું ઉલ્લંઘન કરનારને મળનારી સજા વિષે વિસ્તૃત માહિતી આપી હતી. "બેટી બચાઓ, બેટી પઢાઓ અંતગર્ત સમાજમાં દીકરી જન્મનું પ્રભુત્વ વધે તથા દીકરીઓના સ્થાન બાબતે સમાજમાં હકારાત્મક અભિગમ કેળવાય તે હેતુથી આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું

. . . . . . . . . . . . .